

## પ્રકૃતિ પ્રેમીઓની આંખે ઠંડક આપતી લીલીછમ વનરાજી

આસીફ શેખ

■ સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યા બાદ તમામ નદી-નાળાં છલોછલ થઈ ગયા છે. વલસાડ જિલ્લાની તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે. ત્યારે ધરમપુર અને કપરાડાના અંતરિયાળ વિસ્તારમાં ચોમેર લીલીછમ વનરાજી પથરાતાં પ્રકૃતિ પ્રેમીઓની આંખે ઠંડક વળી છે. આ બંને તાલુકાના વિસ્તારોમાં વનરાજી સહિત ખળ ખળ વહેતાં નાના-મોટા ઝરણાં આહલાદક લાગી રહ્યા છે. કુદરતનો આ વિશિષ્ઠ નજારો નિરખવા લોકો દૂર દૂરથી ઉમટી રહ્યા છે.

# વલસાડના મોગરાવાડીમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

**પોલીસે** રોકડ, 4 મોબાઈલ અને 2 વાહનો મળી રૂપિયા 95 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



**પોલીસે પકડેલા જુગારિયા**

(1) રાજુભાઇ શ્રીરામ યાદવ, (2) હસમતઅલી અસગરઅલી ખાન, (3) અકરમ મહમદઅલી અંસારી, (4) સુરજકુમાર બનવારી કુમાવત (5) રાજુભાઇ યુનુશભાઇ શેખ

વલસાડ : વલસાડ સીટી પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન વલસાડ શહેરના મોગરાવાડી સૂકી તલાવડી ખાતે આવેલી ચાલીમાં રૂમ ભાડે રાખીને તીન પત્તિનો જુગાર રમતા 5 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જેમની પાસેથી પોલીસે રોકડ રકમ, 4 મોબાઈલ અને 2 વાહનો મળી રૂપિયા 95 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ સીટી પીઆઈ ડી ડી પરમારની ટીમે મોગરાવાડીના સૂકી તલાવડી વિસ્તારમાં આવેલી યુસુફભાઈની ચાલીના રૂમ ન. 772માં રૂમ ભાડે રાખીને બહારથી માણસો બોલાવી તીન પત્તિનો હાર જીતનો જુગાર રમાડાતો હોવાની બાતમી મળી હતી. જેના પગલે વલસાડ સીટી પોલીસની ટીમે ત્યાં દરોડો પાડી તીન પત્તિનો જુગાર રમતા 5 ને ઝડપી પાડ્યા હતા. પોલીસે 5 જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા 15,620, મોબાઈલ 4 અને વાહનો મળી કુલ રૂપિયા 95 હજારના મુદ્દામાલ કબજે કરી તમામ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

# તિથલ રોડની કિશોરીને ભગાડનાર બાબાનો ડ્રાઇવર ડિવોર્સી હતો

**પોલીસે** લુધિયાણા જઇ વેશપલટો કરી આરોપીને પકડી પાડ્યો હતો

**કિશોરી સાથે ઓળખ થતાં રોહિત સુરત આવીને વસ્યો**

કિશોરી સાથે ઓળખ થઇ અને તેને ભોળવી લીધા બાદ રોહિત સુરત આવીને વસ્યો હતો. જ્યાં તેણે કિશોરી સાથે ખૂબ ઘેરાબો કેળવ્યો હતો. તેને અવાર-નવાર સુરત બોલાવીને મળતો હતો. જેની જાણ પરિવારને થતાં તે ગભરાઇને આ કિશોરીને લઇને ભાગી ગયો હતો.

વલસાડ : વલસાડ તિથલ રોડની 15 વર્ષની માસૂમ કિશોરીને ભગાડી લઇ જઇ લુધિયાણામાં સ્થાયી થયેલા યુવાનને વલસાડ સિટી પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. તેની પુછતાછમાં તે ડિવોર્સી હોવાનું બહાર આવ્યું હતુ.

વલસાડ પોલીસના આ સમગ્ર ઓપરેશન અંગે વલસાડ એસપી ડો. કરનરાજ વાઘેલાએ માહિતી આપતા જણાવ્યું કે, કિશોરીનું અપહરણ થયા બાદપોલીસ સતર્ક થઇ ગઇ હતી. જ્યારે કોઇ પણ કિશોરીનું અપહરણ થાય ત્યારે તેને હ્યુમન ટ્રાફિકીંગમાં ફસાઇ જવાનો ડર પોલીસને હોય છે. જેના કારણે પોલીસે આ કેસને છોડ્યો ન હતો અને સતત તેની તપાસ ચાલુ હતી. જેમાં પોલીસે લુધિયાણા જઇ વેશ પલટો કરી આરોપી રોહિત શર્મા ઉર્ફે રોહિત પંડિતને પકડી પાડ્યો હતો. તેની પુછતાછ કરતાં જાણવા મળ્યું કે, આ આરોપી ડિવોર્સી હતો અને બાબાના આશ્રમમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો. જ્યાં તેની ઓળખ કિશોરી સાથે થઇ અને ત્યારબાદ તેણે ઇન્સ્ટાગ્રામ પર ઓળખ કેળવી તેને ભગાડી ગયો હતો. જેને વલસાડ સિટી પીઆઇ ડી. ડી. પરમારની ટીમે ભારે જહેમતે પકડી પાડ્યો હતો.

## ભાજપ અગ્રણીની હત્યા કેસના આરોપીના આગોતરા જામીન નામંજૂર

વલસાડ : વાપીમાં ભાજપ અગ્રણી શૈલેષ પટેલની હત્યા કેસમાં આરોપીએ પોલીસ ધરપકડથી બચવા વાપી એડિશનલ સેસન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ટી.વી.આહુજાએ નામંજૂર કર્યા છે. વાપી તાલુકા ભાજપના અગ્રણી શૈલેષ પટેલની ગત 8 મે 2023 ના રોજ ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં પોલીસે શાર્પ શુટરો સહિત 10 આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં લિસ્ટેડ બુટલેગર નિલેશ ઉર્ફે કેવડી રમણ પટેલનું નામ પણ ખુલ્યું હતુ. ત્યારે પોલીસ દ્વારા તેની ધરપકડ થવાના એંધાણ જણાતા તેણે પોલીસ ધરપકડથી બચવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થઇ છે.

# ભીલાડ હાઈવેની સરકારી જમીન ઉપર ગેરકાયદે દુકાનો તાંણી બાંધી

**સોનાના** લંગળી સમાન જમીન પચાવી પાડનાર ભીલાડના ત્રણ ઈસમોની ધરપકડ

ઉમરગામ : ભીલાડ હાઈવેને અડીને આવેલી સોનાની લગડી સમાન ગુજરાત સરકારની જમીન મિલકત ખોટી રીતે પચાવી પાડવા અને પોતાની માલિકી ખોટી રીતે પ્રસ્થાપિત કરવા ગેરકાયદે કબજો કરી દુકાનો તાંણી બાંધનાર ત્રણ ઈસમોની ધરપકડ કરાઈ છે.

ભીલાડ હાઈવેને અડીને આવેલી મિલકત ગુજરાત રાજ્યના નામે ચાલી આવેલી છે. અહીં જૂની ભીલાડ આરટીઓ ચેકપોસ્ટ વર્ષ 1982 થી 2000 સુધી કાર્યરત હતી. જમીનમાં એક જૂની અને બે મકાનો જેમાં જૂની આરટીઓ કચેરી હતી.

આ જમીન ખોટી રીતે પચાવી પાડવા અને પોતાની માલિકી ખોટી રીતે પ્રસ્થાપિત કરવા તારીખ 28/12/2021 થી આજદિન સુધી મણિલાલ રમણલાલ ઘોડી, હેમાંશુ મણીલાલ ઘોડી, મહેશભાઈ ઘોડી (રહે જીવનજી પાડા ભીલાડ તાલુકા ઉમરગામ)એ કોમન સર્વિસ સેન્ટર તથા આલ્ફા ટેક કોમ્પ્યુટર ક્લાસ તથા જમીનમાં નવું બાંધકામ કરી દુકાનો અલગ અલગ વ્યક્તિઓને ભાડે આપી ગેરકાયદે કબજો કરી લીધો હતો. આ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નિકુંજ કુમાર હરેશભાઈ ગજેરા (ઇન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી રહે આરટીઓ કચેરી અટક પારડી ધરમપુર રોડ વલસાડ)એ આપતા ભીલાડ પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો 3, 4 મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામના સામાજિક આગેવાને મહા રક્તદાન કેમ્પ યોજી પિતાને શ્રદ્ધાંજલિ આપી



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સામાજિક આગેવાન સ્વ.કમલાશંકર રાયની 21મી પુણ્યતિથિ નિમિત્તે સરીગામમાં યોજાયેલા મહા રક્તદાન કેમ્પમાં 1175 બોટલ રક્ત એકત્ર થયુ હતું. યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ સરીગામના ચેરમેન રાકેશ કે રાય અને ટીમે પિતા સ્વ.કમલાશંકર રાયની 21મી પુણ્યતિથિ નિમિત્તે અનોખી શ્રદ્ધાંજલિ આપવા મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે પણ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા 831 બોટલ રક્ત એકત્ર થયુ હતું. રાજકીય અને સામાજિક ક્ષેત્રે ચાહના ધરાવનાર સેવાકીય કાર્યમાં હંમેશા આગળ પડતા સરીગામના રાકેશ રાય દ્વારા દર વર્ષે પિતાની પુણ્યતિથિ નિમિત્તે સેવાકીય કાર્ય કરતા આવ્યા છે. ઉપસ્થિત તમામ સંતો મહંતો અને અગ્રણીઓએ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં માનવ આરોગ્ય સેવા કેન્દ્ર પારડી, જીઆઇડીસી લાયન પુરીબેન પોપટ લાખા બ્લડ બેન્ક વાપી, વલસાડ રક્તદાન કેન્દ્ર અને આઇ આઈઆરસીએસ બ્લડ બેન્ક સેલવાસની ટીમ ઉપસ્થિત રહી હતી.

### ગણદેવીના પીએસઆઇને ડીજીપી કમેન્ડેશન ડિસ્ક 2023 નો એવોર્ડ એનાયત




કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી પોલીસ સ્ટેશનના પીએસઆઇ દિગ્વિજયસિંહ મનહરસિંહ રાઠોડની ડીજીપી કમેન્ડેશન ડિસ્ક 2023 નો એવોર્ડ ડીજી વિકાસ સહાયના હસ્તે અપાતા નવસારી પોલીસ ગર્વ અનુભવી રહી છે. પીએસઆઇ ડી એમ રાઠોડે સચિનના વાંઝ ગામે બેંક લૂંટનાર અપરાધીઓને 48 કલાકમાં યુપીના રાયબરેલીથી હથિયાર સાથે પકડી લીધા હતા. જે લૂંટમાં એક યુપીનો કુખ્યાત ગેંગસ્ટર પણ શામિલ હતો. મહારાષ્ટ્રના મુમરા થાનેથી ગાડીઓના કાચ તોડી કિંમતી વસ્તુઓની ચોરી કરતી ગેંગ ઝડપી પાડી 75 જેટલા ગુનાઓ ડિટેક્ટ કર્યા હતા, તમિલનાડુની નેલોર ગેંગને ઝડપી 64 ગુનાઓ ડિટેક્ટ, ઘરફોડ ચીખલીઘર ગેંગનો સફાયા સાથે ઈરાની ગેંગને પકડી પાડી રૂપિયા 25 લાખની રિકવરી અને 24 ગુન્હાઓ સાથે અનેક ગુનાઓ ડિટેક્ટ કરાયા હતા. ગુજરાત રાજ્ય સહિત મહારાષ્ટ્ર, યુપી અને તમિલનાડુ જેવા અન્ય રાજ્યમાંથી કુખ્યાત અપરાધીઓ, અસામાજિક તત્વો, ગુંડાઓ, ઘરફોડ ગેંગ ચોરટાઓ અને અલગ અલગ ગંભીર અપરાધોમાં સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરનાર પીએસઆઇ ડી એમ રાઠોડની કામગીરી બદલ 'ડીજીપી કમેન્ડેશન ડિસ્ક 2023' એવોર્ડ માટે પસંદગી પામતા ગઈ 30/7/2024 ના મંગળવારે ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, ગાંધીનગર ખાતે તેઓને ડીજી (ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ) વિકાસ સહાયના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ચીખલીના મજીગામની શિક્ષિકા ગુરુ ગૌરવ એવોર્ડથી સન્માનિત

ઘેજ : ચીખલી તાલુકાના મજીગામ ડેરા ફળિયામાં રહેતી શિક્ષિકા છાયાકુમારી દયાળજીભાઇ પટેલ કલગામ - ઉમરગામમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમણે રમકડાના નવતર પ્રયોગ હેઠળ સાંદીપની પોરબંદર દ્વારા ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ સાંદીપની ગુરુ ગૌરવ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવતા શિક્ષણ જગત અને મજીગામમાં ખુશીનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. દર વર્ષની જેમ નક્કી કરેલી થીમ મુજબ દરેક જિલ્લામાંથી એવોર્ડ માટે શિક્ષકની પસંદગી કરવામાં આવે છે. આ વર્ષે રમકડા દ્વારા શિક્ષણ થીમ ધ્યાનમાં રાખી નવી તાલીમ-કલગામની ઉપશિક્ષિકા છાયા પટેલની પસંદગી કરવામાં આવતા વતન મજીગામમાં ખુશીનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. તેમને પોરબંદર ખાતે પૂજ્ય ભાઇ શ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસતે સાંદિપની ગુરુ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. છાયાકુમારી દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી રમતો રમકડા બનાવવાની શરૂઆત ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષથી કરી હતી. તેમણે નકામી (વેસ્ટ) વસ્તુનો ઉપયોગથી રમકડાનું નિર્માણ કર્યું છે. તેમણે રમકડા દ્વારા શિક્ષણ આપવાની તેમની ઉપરોક્ત પદ્ધતિ દ્વારા સી.આર.સી કક્ષાથી લઈ રાષ્ટ્રીય લેવલે પસંદગી પામ્યા છે. તેમણે ગુરુ ગૌરવ એવોર્ડ મેળવી વલસાડ અને નવસારી એમ બે જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ માટે શાળાના એસ.એમ.સીના અધ્યક્ષ- સભ્યો, ગામના સરપંચ આચાર્ય રશ્મિબેન સહિતના દ્વારા તેમને તેમની ઉપરોક્ત સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



ધર્મેશ પટેલ

# GLH એપ્લિકેશનમાં જજમેન્ટ મેળવવા માટે નક્કી કરેલી ફી રદ કરવા માંગ

નવસારી : બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા શરૂ કરવામાં આવેલી જી.એલ.એચ. એપ્લિકેશનમાં જજમેન્ટ મેળવવા માટેની ફી રદ કરવાની રજુઆત કરી છે.

નવસારીના વકીલ અને આમ આદમી પાર્ટીના લીગલ સેલના વાઇસ પ્રેસિડેન્ટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેનને ઈ-મેઈલ મારફતે કરેલી રજુઆતમાં જણાવ્યું હતું કે, હાલમાં ગુજરાત દ્વારા વકીલોના હિત માટે એક મોબાઈલ એપ્લિકેશન તેમજ વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. જે ખૂબ જ સરાહનીય કામગીરી છે. પરંતુ તેની સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા જી.એલ. એચ.એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવી છે. જેમાં પ્રથમ વર્ષની ફી 750 રૂપિયા અને બીજા વર્ષથી 1500 રૂપિયા જેવી થશે તેવી માહિતી આપવામાં આવી છે. જેમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજમેન્ટો વકીલોને ઉપલબ્ધ થઈ શકે. પરંતુ આ બાબતે વિચારવાની જરૂરિયાત એટલા માટે ઊભી થાય છે કે વકીલ દ્વારા વેલ્ફેર ભરવામાં આવે છે વેલ્ફેર ટિકિટ ચોંટાડવામાં આવે છે તેમજ ગુજરાત સરકાર દ્વારા વકીલ મંડળના વિકાસ માટે ગ્રાન્ટ આપવામાં આવે છે. આ તમામ સુવિધાઓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મળે છે. પરંતુ વકીલ મિત્રને જજમેન્ટની કોપી પણ વિનામૂલ્યે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત આપી શકતી નથી. આ વાત ક્યાંક દુઃખદ અને આ નિર્ણય વકીલોના હિત માટે નહીં પરંતુ વકીલો પાસેથી વધુ રકમનો આકરો કર સમાન દેખાઈ આવે છે. તો જે ફી ની જોગવાઈ કરી છે તે ફી નાબૂદ થવી જોઈએ તેમજ ગુજરાતના તમામે તમામ વકીલોને આ સુવિધા વિના મૂલ્ય મળવી જોઈએ અને આ સુવિધા જ્યારે વિના મૂલ્ય મળશે તો આખા ભારતમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. કારણકે ભારતના કોઈ એવા રાજ્યની અંદર આ સુવિધાઓ આપી શક્યા નથી તો ગુજરાતમાં આ સુવિધા આપનારો પ્રથમ રાજ્ય બનશે. જેથી જી.એલ.એચ. એપ્લિકેશનમાં જજમેન્ટ મેળવવા માટે નક્કી કરવામાં આવેલી ફી રદ કરવાની માંગ કરી છે.

# વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક અને વાપી જીઆઈડીસી પીઆઈનું ડિસ્ક વડે સન્માન

**એસપીએ** બીપરજોય વાવાઝોડા સમયે ગુમ થયેલા ૨૭૫ લોકોને શોધી કાઢવાની પ્રશંસનીય કામગીરી બજાવી હતી

**વાપીના** જીઆઈડીસીના પીઆઈએ ડુંગરાના રેપ વીથ મર્ડર કેસમાં માત્ર ૧૯ દિવસમાં ૭૦૦ પાનાની ચાર્જશીટ મુકી હતી



વાપી, વલસાડ : રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓથી માંડીને પોલીસ કર્મચારીઓની વર્ષ ૨૦૨૩ દરમિયાનની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈ રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય દ્વારા ડિસ્ક (પ્રશસ્તિ પદક) અને પ્રશંસાપત્રથી વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલા અને વાપી જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ મયુર પટેલને સન્માનિત કરવામાં આવતા જિલ્લાના પોલીસ બેડામાં ખુશીની લહેર પ્રસરી હતી.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરણરાજ વાઘેલા વર્ષ ૨૦૨૩ દરમિયાન ભૂજમાં ઈન્ચાર્જ એસપી હતા તે સમયે બીપરજોય વાવાઝોડુ આવતા અંદાજે ૫૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર અને શેલ્ટર હોમમાં ખસેડવાની કામગીરી સુપેરે બજાવી હતી. આ સિવાય વલસાડ જિલ્લાના એસપી તરીકે ઓગસ્ટથી ડિસેમ્બર સુધીમાં પાંચ માસ દરમિયાન અપહરણ અને ગુમ થયેલા ૫૦ બાળકો અને ૨૨૫ પુખ્ત વયના લોકોને શોધી કાઢવાની શ્રેષ્ઠ કામગીરી કરી હતી. વર્ષ ૨૦૨૩ દરમિયાનની તેમની ઉપરોક્ત તમામ વિશિષ્ટ કામગીરીને ધ્યાને લઈ પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાય દ્વારા ગાંધીનગર ખાતે ડિસ્ક અને પ્રશંસાપત્રથી સન્માનિત કરાયા હતા.

વાપી જીઆઈડીસીના પોલીસ ઈન્સ્પેક્ટર મયુર પટેલે તા. ૨૩ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ડુંગરાના રેપ વીથ મર્ડર કેસમાં ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. ઝાડીમાંથી ૬ વર્ષીય બાળકીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. જેનુ ફોરેન્સિક પીએમ કરાતા બળાત્કાર બાદ હત્યા કરાઈ હોવાનું ફલિત થયું હતું. પીઆઈ મયુર પટેલે ટીમ સાથે ગણતરીના કલાકોમાં આરોપી અબ્દુલ રજાક સુભાન ખાન (ઉ.વ.૪૨, રહે. ચીલવીલ રામની ચાલ, ડુંગરી ફળિયુ, ડુંગરા, વાપી)ની ધરપકડ કરી તમામ પૂરાવા એકત્ર કરી માત્ર ૧૯ વર્કિંગ ડે માં ૭૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી પ્રશંસનીય કામગીરી કરી હતી. આ શ્રેષ્ઠ કામગીરી બદલ તેમનું ડીજીપી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## 'બીજા સાથે સંબંધ કેમ રાખે છે', કહી કરવડમાં પતિ પત્નીને ફટકારી


વાપી : વાપી તાલુકાના મોટી તંબાડીમાં રહેતા જીજ્ઞાબેન પટેલ (ઉં.30) ના લગ્ન 2014માં વલસાડ જિલ્લાના વેલવાચ કુંડી ગામમાં રહેતા સંજય દુર્લભ પટેલની સાથે થયા હતા. પતિ સંજય અવાર-નવાર તેની ઉપર શક-વહેમ કરી તેને શારીરિક-માનસિક ત્રાસ આપતા તે કંટાળી ગઈ હતી. જેથી પરિણીતા વાપી મોટી તંબાડી પિયરમાં રહેવા આવી ગઈ હતી. તે અંબાચ ગામે બ્યુટી પાર્લર ચલાવી છૂટક નોકરી કરે છે. જીજ્ઞાબેન મોપેડ લઈ કરવડ ગામે મિત્રની બ્યુટી પાર્લરમાં ગયા હતા. મોપેડ ત્યાં મૂકી રીક્ષામાં બેસી વાપીમાં પાર્લરનો સામાન ખરીદી કરવા ગઈ હતી. પરત કરવડ ફરી ત્યારે તેનો પતિ સંજય ત્યાં બાઈક લઈને આવ્યો હતો. અને બીજા સાથે સંબંધ કેમ રાખે છે, જણાવી તેની સાથે ઝઘડો કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. આસપાસના લોકો ભેગા થઈ જતા તેને છોડાવી હતી. જે બાદ તેને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. જે બનાવ અંગે પરણિતા જીજ્ઞાબેને વાપી ડુંગરા પોલીસ મથકમાં પતિ સંજય સામે ફરિયાદ નોંધાવી હતી.

# ચીખલીમાં ગ્રામ પંચાયતની દુકાનો પાસે જ ગંદકીથી પરેશાની

**દુકાનો** આગળ ફેલાતી ગંદકીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટેનો સંદેશો રહીશોના નામે સોશિયલ મીડિયામાં વાયરલ

ઘેજ :ચીખલીમાં સાંઈબાબાના મંદિર આગળ નારાયણ નગર સહિતનો રહેણાંક વિસ્તાર આવેલો છે. મંદિરને અડીને ગ્રામ પંચાયત હસ્તક દુકાનો છે જે હાલે પડતર છે. તેમાં ઘણા સમયથી ગ્રામ પંચાયતના કામો કરતા શ્રમિકો વસવાટ કરી રહ્યા છે. વધુમાં આ દુકાનોમાં ગ્રામ પંચાયત દ્વારા ભંગારનો સામાન પણ મુકવામાં આવતો હોય છે.

ઉપરોક્ત સ્થિતિમાં આ દુકાનો આગળ ફેલાતી ગંદકીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે અને પૂરતી સાફ સફાઇ થાય તેવી માંગ સાથેનો સંદેશો પણ નારાયણ નગરના રહીશોના નામે સોશિયલ મીડિયામાં ફરી રહ્યો છે.



ધર્મેશ પટેલ

જોકે ચીખલીના સરપંચ વિરલ પટેલ સ્વચ્છતાને વધુ પ્રાધાન્ય આપી દરરોજ સફાઈ માટેની ટીમો પણ વધારી દેવામાં આવી છે. બીજી તરફ ભૂગર્ભ ગટર યોજનાની જરૂરી જાળવણી, મરામત માટે આ દુકાનોમાં રહેતા શ્રમિકોની એક કાયમી વ્યવસ્થા હોવાથી પણ ભૂગર્ભ ગટર યોજના સુચારુ ચાલી રહી છે. તેમ છતાં રૂટિન સાફ સફાઈ કરવા સાથે કાયમી ઉકેલ માટે પણ પંચાયત પગલાં લે તે આવકાર્ય છે.

**સમસ્યાનું નિરાકરણ આવી જશે**

સરપંચ વિરલ પટેલે જણાવ્યુ હતુ કે ચીખલીમાં દરરોજ સફાઈ કરવામાં જ આવે છે. અને સાંઇબાબાના મંદિર આગળ સફાઈની ટીમને પહોંચતા થોડો સમય લાગતો હોય છે. સાથે દુકાનોમાં રહેતા શ્રમિકો માટે અન્ય સ્થળે રહેવાની વ્યવસ્થાના વિકલ્પો જોઈ રહ્યા છે. આ માટે ગ્રામ પંચાયતમાં મિટિંગ પણ યોજી સમસ્યાનું પણ ટૂંક સમયમાં નિકાલ આવી જશે.